# કાતર, કાગળ અને ક્રાંતિ




તમિલનાડુના પોન મારિઅપ્પન પર એક દિવસ અચાનક એક ફોન આવ્યો. “રેડિયો સ્ટુડિયોમાં આવશો?” મારિઅપ્પને વિચાર્યું કે કદાચ પુસ્તકો મળશે. પણ ત્યાં તો આશ્ચર્ય રાહ જોઈ રહ્યું હતું. “પ્રધાનમંત્રીશ્રી આપ સાથે વાત કરશે.” હૃદય ધડક્યું. થોડી વારમાં તમિલમાં અવાજ આવ્યો. “વનક્કમ.. નલ્લા ઇરુક્કેંગલા?” એ અવાજ હતો ‘નરેન્દ્ર મોદી’નો. મારિઅપ્પનની આંખોમાં હર્ષના આંસુ આવી ગયા.

“આ લાઇબ્રેરીનો વિચાર તમને કેમ આવ્યો?”

“હું ધોરણ ૮ સુધી જ ભણ્યો છું, સાહેબ. જીવન ભણવા માટે પુસ્તકો રાખ્યાં છે.”

“તમારું મનપસંદ પુસ્તક ક્યું છે?”

“તિરુક્કુરલ.”

“તિરુક્કુરલ જીવન માટે માર્ગદર્શક છે.”

આ ક્ષણ પોન મારિઅપ્પન માટે નહીં પણ સમગ્ર ભારત માટે ગૌરવની હતી. આ વાત “મન કી બાત”માં આખા દેશે સાંભળી. તમિલનાડુના નાનાં હેર કટીંગ સલૂનનો અવાજ સમગ્ર દેશભરમાં પહોંચ્યો. આજે પણ મિલરપુરમની એ ગલી એ જ છે. સલૂન પણ એ જ છે. નાનું. પણ અંદર આવતા જ લાગે કે અહીં માત્ર વાળ નથી કપાતા...અહીં અજ્ઞાન થોડું ઓછું થાય છે, અહીં વિચાર વવાય છે અને સપનાં શાંતિથી ઉગે છે. પોન મારિઅપ્પન કાતર મૂકે છે, પુસ્તક ઉપાડે છે અને દુનિયાને કહી જાય છેઃ “હું શિક્ષક નથી, પણ જો કોઈને વાંચતો બનાવી શકું, તો એ જ મારી ડિગ્રી છે.”





વાત છે તમિલનાડુના થૂથુકુડી જિલ્લાના મિલરપુરમ વિસ્તારમાં એક ૧૦ X ૧૦ ફૂટની ‘સુશીલકુમાર બ્યુટી કેર’ નામના હેર કટીંગ સલૂનની. સામાન્ય નજરે જુઓ તો ત્યાં કાતર, અરીસા અને

ખુરશીઓ જ દેખાય. પરંતુ અંદર પ્રવેશ કરતાં જ સમજાય છે કે આ જગ્યા માત્ર વાળ કપાવવાની નથી. આ જગ્યા છે વિચાર કપાવવાની, અજ્ઞાનને દૂર કરવાની. આ સલૂનના માલિક છે પોન મારિઅપ્પન. એક સામાન્ય વાળંદ પરંતુ અસામાન્ય વિચારધારા ધરાવતો માનવી. તેણે પોતાના સલૂનને "સલૂન-કમ-લાઇબ્રેરી"માં ફેરવી દીધું છે જ્યાં ગ્રાહકો વાળ કપાવવાની રાહ જોતા હોય છે ત્યાં મોબાઈલ નહીં પણ પુસ્તક હાથમાં હોય છે. આ સલૂનમાં પુસ્તકો, નવલકથાઓ, આત્મકથાઓ અને કાવ્યસંગ્રહો શોભે છે. આજે તેમના આ સલૂનમાં આશરે ૩,૦૦૦ પુસ્તકો છે. શેવિંગ ક્રીમની સુગંધ અને કાતરનો અવાજ તમને યાદ અપાવે કે તમે એક સલૂનમાં છો પરંતુ અંદર રહેલી પુસ્તકોની 'લાઇબ્રેરી' એવો માહોલ સર્જે છે કે તે જાદૂમાંથી બહાર આવવું સહેલું નથી. આ જ સ્થળે ૩૯ વર્ષીય પી. પોન મારિઅપ્પન પોતાનું જીવનનિર્વાહ કરે છે.

પોન મારિઅપ્પને અને માનનીય શ્રી નરેન્દ્ર મોદીજીએ ઉચ્ચારેલા શબ્દ 'તિરુક્કુરલ' (Thirukkural) વિશે કદાચ તમે અજાણ્યા હશો. પ્રાચીન તમિલ સંત-કવિ તિરુવલ્લુવર દ્વારા રચિત નૈતિકતા, સદ્ગુણ અને જીવનના વિવિધ પાસાઓ પરનો એ અમૂલ્ય સાહિત્યિક ગ્રંથ છે. તે ૧૩૩૦ કુરલ (બે પંક્તિના કાવ્યો) ધરાવે છે, જે ધર્મ, અર્થ અને કામ એમ ત્રણ વિભાગોમાં વહેંચાયેલા છે, જે માનવજીવન માટે શાશ્વત માર્ગદર્શન પૂરું પાડે છે. તેના રચયિતા તિરુવલ્લુવર છે જેમને 'વલ્લુવર' તરીકે પણ ઓળખવામાં આવે છે. તિરુક્કુરલ માત્ર તમિલ સાહિત્ય જ નહીં, પરંતુ માનવતાવાદી દૃષ્ટિકોણ ધરાવતી વિશ્વ સાહિત્ય કૃતિ માનવામાં આવે છે. જીવનના વ્યવહારિક પાસાઓ પર તે સચોટ સલાહ આપે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ આ ગ્રંથને વાંચવાની અપીલ કરી છે, જેનું ભારતીય સંસ્કૃતિમાં ઘણું મહત્વ છે. વિચારો, નાના એવા સલૂનમાં કામ કરતા પોન મારિઅપ્પનનું જ્ઞાન કેવું છે અને સમજણ કેવી છે!



દોસ્તો, થોડી ક્ષણ માટે કલ્પના કરો - એક નાની દુકાન. બહારથી સામાન્ય. કાચ પર ધૂળ, અંદર બે ખુરશી, એક અરીસો અને હાથમાં કાતર. લોકો ત્યાં શું કરવા આવે છે ? વાળ કપાવવા. પણ મિત્રો, કેટલાક સ્થળો માત્ર સેવા આપતા નથી પણ ત્યાં વિચાર ઘડાતા હોય છે. આજે અમે તમને એવા જ એક સલૂનની વાત કહેવા આવ્યો છીએ કે જ્યાં વાળ કપાય છે અને જ્ઞાન ઉજાસે છે. અહીં ફક્ત વાળ કપાતાં નથી પણ અહીં અંધકાર પણ કપાય છે. અહીં માથું હળવું થાય છે અને સાથે સાથે મન પણ. આ સલૂનમાં કોઈ મોટાં બોર્ડ નથી, કોઈ ડિગ્રી ફ્રેમમાં ટાંગી નથી, કોઈ મંચ નથી, કોઈ માઈક નથી, છતાં અહીં વિચારોની યુનિવર્સિટી ચાલે છે. એક વિદ્યાર્થી આવે છે અને વાળ કપાવતાં કપાવતાં જીવન વિશે પ્રશ્ન કરે છે. એક મજૂર આવે છે અને વાતોમાંથી સ્વાભિમાન લઈને જાય છે. એક બાળક આવે છે અને સલૂનમાંથી માત્ર નવી હેરસ્ટાઈલ નહીં, પરંતુ નવી દિશા લઈને જાય છે.

મિત્રો, આ સલૂન આપણને શીખવે છે કે શિક્ષણ માટે હંમેશા શાળા જરૂરી નથી, જ્ઞાન માટે હંમેશા પુસ્તક જરૂરી નથી અને પરિવર્તન માટે હંમેશા મંચ જરૂરી નથી. ક્યારેક તો એક કાતર, એક

સંવાદ અને એક સંવેદનશીલ મન સમાજ બદલી નાખવા માટે પૂરતા હોય છે. આ ભાષણ કોઈ સલૂનની પ્રશંસા માટે નથી આ ભાષણ એક વિચારની ઉજવણી છે. કારણ કે જ્યાં વિચારો પ્રગટે છે, ત્યાં જગ્યા નાની હોવા છતાં ઇતિહાસ મોટો લખાય છે. આજે હું તમને એવી જ એક સાચી કહાણી કહેવા જઈ રહ્યો છું કે જે તમને પૂછવા મજબૂર કરશે કે “હું મારી જગ્યા પરથી કેટલો પ્રકાશ ફેલાવી શકું?” સમાજ બદલાય છે કેવી રીતે? શું મોટા ભાષણોથી? શું મોટા બજેટોથી? શું મોટા નેતાઓથી? ઇતિહાસ કાંઈક જુદું જ કહે છે. સમાજ બદલાય છે, જ્યારે કોઈ સામાન્ય માણસ પોતાની સામાન્ય જગ્યાને અસામાન્ય અર્થ આપે છે. એક સલૂન, આપણાં માટે માત્ર વાળ કપાવવાની જગ્યા છે. પણ જો અમે કહી શકીએ કે એજ સલૂન સમાજ પરિવર્તનનું બીજ બની શકે?




કલ્પના કરો, જ્યાં માણસ માથું ઝુકાવે છે, એજ જગ્યાએ જો વિચાર ઊભા થવા લાગે તો? જ્યાં હાથમાં કાતર છે, એજ હાથમાં જો વિચારની ચાવી આવી જાય તો? આજે અમે તમને એવી જગ્યા વિશે વાત કરવા આવ્યા છીએ છું કે જ્યાં વાળ જ નથી કપાતા પણ અહીં અજ્ઞાન, નિરાશા અને નિષ્ક્રિયતા પણ કપાય છે. આ સલૂન કોઈ શાળા નથી, પણ અહીં જીવનના પાઠ શીખવા મળે છે. અહીં કોઈ પ્રવચન નથી, પણ સંવાદ છે. અહીં કોઈ ઇનામ નથી, પણ જાગૃતિ છે. સમાજ પરિવર્તન હંમેશા સંસદથી શરૂ થતું નથી, ક્યારેક તે એક ખુરશી, એક અરીસા અને બે માણસ વચ્ચેના સંવાદથી શરૂ થાય છે. કારણ કે સમાજ બદલાય છે જ્યારે માણસ વિચારવા લાગે છે અને વિચાર આવે છે જ્યારે વાંચવાની ટેવ જન્મે છે.




આ સલૂન આપણને પૂછે છે કે શું શિક્ષણ માત્ર ડિગ્રી સુધી સીમિત છે? શું સામાજિક જવાબદારી માત્ર હોદ્દા સાથે આવે છે? અને શું પરિવર્તન લાવવા માટે મોટી સત્તા જ જોઈએ? પરિવર્તન માટે મોટું દિલ જોઈએ, સાચી નીતિ જોઈએ અને “હું પણ કરી શકું” એવી હિંમત જોઈએ. આ ભાષણ એક વ્યક્તિ વિશે નથી પણ આ ભાષણ આપણાં બધાં માટેનો પડકાર છે. કારણ કે જો એક સલૂન જ્ઞાનનું કેન્દ્ર બની શકે, તો આપણી જગ્યા શું બની શકે?

પોન મારિઅપ્પનની પોતાની જિંદગી સંઘર્ષોથી ભરેલી રહી છે. તે માત્ર ધોરણ ૮ સુધી જ ભણી શક્યા છે. ગરીબી, પરિવારની જવાબદારી અને પરિસ્થિતિઓએ તેના અભ્યાસના સપનાને અધૂરું રાખી દીધું પરંતુ જે સપનું પોતે ન પૂરું કરી શક્યો, તે તેણે સમાજ માટે જીવંત કર્યું. પોન મારિઅપ્પનના જીવનમાં “ન ભણવાનું દુઃખ” એક મૌન પીડા બનીને બેહું વહેતું હતું. તે ભણેલા લોકોને જોયા કરતો ત્યારે અંદરથી એક પ્રશ્ન ઉઠતો કે “હું કેમ ન ભણી શક્યો?” પણ આ પ્રશ્ને તેને નિરાશ નથી કર્યા; તેને તેણે વિચારમાં ફેરવ્યો. તે કહે છેઃ “હું કોલેજમાં જઈ ન શક્યો, પરંતુ પુસ્તકો મારી કોલેજ બની શકે અને બીજાની પણ.” આ વિચારથી તેણે પુસ્તકો એકત્ર કરવાનું શરૂ કર્યું. શરૂઆતમાં ફક્ત પાંચ-છ

પુસ્તકો.જૂના પુસ્તકોની દુકાનો, રદ્દીવાલા, મિત્રો, જ્યાંથી મળે ત્યાંથી મેળવ્યા. મહિને થોડી કમાણી બચાવીને પુસ્તક ખરીદતો. આજની તારીખે તેની પાસે અનેક પ્રકારના પુસ્તકો છે. મુખ્યત્વે તમિલ ભાષામાં, પરંતુ અંગ્રેજીમાં પણ અનેક આત્મકથાઓ, કથાઓ, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, નૈતિક વાર્તાઓ, બાળકો માટેના પુસ્તકોની એક નાની દુનિયા ઉભી કરી છે.

એક વખત મિલરપુરમની એ ગલી રોજ જેવી જ હતી - સવારની ધૂળ, બપોરની ગરમી અને સાંજના પગલાં. ગલીના ખૂણે એક નાનું ૧૦X૧૦ ફૂટનું સલૂન. બહાર લોખંડની ખુરશી, અંદર એક અરીસો, કાતર અને પુસ્તકો. હા, પુસ્તકો. પોન મારિઅપ્પન કાતર હાથમાં લઈને ઊભો હતા. આજે પણ ગ્રાહકોની રાહ જોતો હતો. કોઈ મોબાઇલમાં ડૂબેલા હતા તો કોઈ વિચારોમાં. મારિઅપ્પનની નજર અચાનક એક બાળક પર પડી. શાળાના પુસ્તકો ખભે, પણ હાથમાં ફોન. મારિઅપ્પનને પોતાનું બાળપણ યાદ આવ્યું. તેને પણ ભણવાની ખૂબ ઈચ્છા રાખી હતી. પણ ઘરમાં પૈસા ઓછા હતા. ધોરણ ૮ પછી શાળા છોડવી પડી. એ દિવસથી જ જાણે કોઈ ખાલી જગ્યા અંદર રહી ગઈ હતી જે ન ભરી શકાય એવી, પણ ભૂલાઈ પણ ન શકે એવી. “જો હું ભણી ન શક્યો તો બીજાને ભણવા મદદ કરી શકું?” આ વિચાર તે દિવસે ચુપચાપ જન્મ્યો અને ધીમે ધીમે મજબૂત બનતો ગયો.

સલૂનમાં પહેલાં ટીવી ચાલતું. લોકો રાહ જોતા જોતા ચેનલ બદલે, મેસેજ કરે. એક સવારે મારિઅપ્પને ટીવી બંધ કર્યું મેગેઝિન હટાવ્યા. શેલ્ફ પર પાંચ પુસ્તકો મૂકી દીધા. પેરિયાર, અન્નાદુરાઈ, કલામ, અને લિંકનના...ગ્રાહકોએ આશ્ચર્યથી જોયા. કોઈએ પુસ્તક ઉઠાવ્યું, પાનાં ફેરવ્યાં અને બેસી ગયા. એ દિવસ મારિઅપ્પન માટે તહેવાર જેવો હતો. પછી તો પુસ્તકો વધતાં ગયા. સ્ક્રેપમાંથી લીધાં, મેળામાંથી લાવ્યાં, બચતમાંથી ખરીધાં. શેલ્ફ ભરાઈ ગઈ. પુસ્તકો ખુરશી પર, પેટીમાં, કપબોર્ડ ઉપર-જ્યાં જગ્યા મળે ત્યાં. સલૂન હવે સલૂન ન રહી; એ એક નાની લાઇબ્રેરી બની ગઈ.

ગ્રાહકો સલૂનમાં રાહ જોતા ત્યારે મોટાભાગે મોબાઇલમાં વ્યસ્ત રહેતા. પોન મારિઅપ્પનને આ દૃશ્ય ગમતું નહોતું. તેણે એક નિયમ બનાવ્યોઃ “સલૂનમાં મોબાઈલનો ઉપયોગ નહીં પણ પુસ્તક વાંચવું.” શરૂઆતમાં લોકો નારાજ થયા. “અમે પહેલેથી જ પાઠ્યપુસ્તકો વાંચીએ છીએ, હવે અહીં પણ?” પરંતુ પોન મારિઅપ્પનનો આગ્રહ સ્નેહભર્યો હતો, આદેશાત્મક નહીં. વધુ પ્રોત્સાહન માટે તેણે એક અનોખી યોજના શરૂ કરી - જો કોઈ ગ્રાહક ઓછામાં ઓછા ૧૦ પાનાં વાંચે અને તે વિશે બે-ત્રણ લીટી લખે, તો વાળ કપાવવાના દરમાં ૩૦% સુધીની છૂટ! આ યોજના જાદૂ જેવી કામ કરી ગઈ. જે લોકો વાંચતા ન હતા, તેઓ પણ પુસ્તક ખોલવા લાગ્યા. જે બાળકો બોલતા ડરતા, તેઓ વાંચીને લખવા લાગ્યા.

જે લોકો વાંચવામાં રસ ન લેતા, તેમના માટે પણ પોન મારિઅપ્પન પાસે ઉપાય હતો. તેણે પોતાના સલૂનમાં ઓડિયો સિસ્ટમ લગાવી. ત્યાં સંભળાય છે - સુગી સિવમ (Suki Sivam-Sadhasivam Subramaniam) એટલે દક્ષિણ ભારતના (ખાસ કરીને Tamil Nadu) એક પ્રસિદ્ધ પ્રેરણાદાયક વક્તા, લેખક અને આધ્યાત્મિક વિચારક, નેલ્લાઈ કન્નન (Nellai Kannan) - તામિલનાડુના ખૂબ જાણીતા વક્તા, લેખક અને સામાજિક-રાજકીય વિચારક), તમિલરુવી મણિયન (Tamil Aruvi Manian) - તામિલનાડુના જાણીતા રાજકારણી, વક્તા અને સામાજિક વિચારક, ભારતી ભાસ્કર (Bharathi Baskar) - તામિલનાડુની ખૂબ જાણીતી પ્રેરણાદાયક વક્તા, લેખિકા અને ટેલિવિઝન વ્યક્તિ. આ વક્તાઓના વિચારસભર ભાષણો. સાથે સાથે, સલૂનની દિવાલો પર ટાંગેલી છે - થિરુવલ્લુવર, મહાત્મા ગાંધી, એ.પી.જે. અબ્દુલ કલામ, વિવેકાનંદ, મહાકવિ સુબ્રમણ્યમ ભારતીની તસ્વીરો. જાણે આખું સલૂન એક જીવંત પાઠ્યપુસ્તક બની ગયું ન હોય ! પોન મારિઅપ્પન માને છેઃ “કદાચ દરેક માણસ વાંચી ન શકે, પરંતુ કોઈ પણ માણસ સાંભળી તો શકે.”

પોન મારિઅપ્પન કોઈ પ્રોફેસર નથી. કોઈ યુનિવર્સિટીનો ડિગ્રીધારક નથી. પરંતુ તે જે કરે છે, તે શિક્ષણનું સૌથી શુદ્ધ સ્વરૂપ છે. તે કહે છેઃ “હું જ્ઞાન આપતો નથી પણ હું વાંચવાની ટેવ પાડું છું.”

આજના ડિજિટલ યુગમાં માનવીનું ધ્યાન સ્ક્રીન સુધી સીમિત થઈ ગયું છે. મોબાઇલ, રીલ્સ, ગેમ્સ અને મેસેજ, આ બધાની વચ્ચે પુસ્તક વાંચવાનો સમય જાણે ગુમ થઈ ગયો છે. પરંતુ આવા સમયમાં તમિલનાડુના થૂથુકુડી જિલ્લાના મિલરપુરમ વિસ્તારમાં એક નાનું સલૂન છે, જ્યાં કાતર માત્ર વાળ નથી કાપતી, પરંતુ અજ્ઞાનને દૂર કરવાની કોશિશ કરે છે. આ સલૂનના માલિક છે પોન મારિઅપ્પન, એક સામાન્ય વાળંદ, પરંતુ અસામાન્ય દ્રષ્ટિ ધરાવતો માનવી. તેમણે પોતાના રોજગારસ્થળને "સેલૂન-કમ-લાઇબ્રેરી"માં ફેરવીને વાંચનની એક શાંત ક્રાંતિ શરૂ કરી છે. આજના સમયમાં, જ્યાં સ્ક્રીન આપણું ધ્યાન ખેંચે છે, ત્યાં પોન મારિઅપ્પન પુસ્તક તરફ પાછા વળવાનો દીવો પ્રગટાવે છે. તેમનું જીવન આપણને શીખવે છેઃ - શિક્ષણ ડિગ્રીમાં નથી, દ્રષ્ટિમાં છે. ગરીબી અંત નથી, વિચારનો આરંભ છે. એક માણસ પણ સમાજ બદલી શકે છે. કાતરથી વાળ કપાય છે - પુસ્તકથી વિચાર ઘડાય છે પોન મારિઅપ્પન, એક સામાન્ય વાળંદ, પરંતુ અસામાન્ય દ્રષ્ટિ ધરાવતો માનવી. તેણે પોતાના રોજગારસ્થળને "સલૂન-કમ-લાઇબ્રેરી"માં ફેરવીને વાંચનની એક શાંત ક્રાંતિ શરૂ કરી છે.

પોન મારિઅપ્પનનો જન્મ એક સામાન્ય પરિવારમાં થયો. આર્થિક પરિસ્થિતિ મજબૂત નહોતી. પરિણામે તે માત્ર ધોરણ ૮ સુધી જ ભણી શક્યો. શિક્ષણ અધૂરું રહી ગયું પણ જ્ઞાનની તરસ અધૂરી રહી નહીં. તેઓ ભણેલા લોકો સાથે બેઠા ત્યારે અંદરથી એક મૌન દુઃખ અનુભવતા. તેમને લાગતું કે જીવનમાં કંઈક ખૂટે છે. આ લાગણી નિરાશામાં ન ફેરવાઈ પરંતુ વિચારમાં ફેરવાઈ. તેઓ માનતા થયા કે, "જો હું ભણી ન શક્યો, તો પણ હું ભણવાની તક આપી શકું." આ વિચાર તેમનાં જીવનનું વળાંકબિંદુ બન્યો.

૨૦૧૪માં પોન મારિઅપ્પને પોતાનું સલૂન શરૂ કર્યું. શરૂઆતમાં તે પણ એક સામાન્ય સલૂન જ હતું. ટીવી ચાલતું, ગ્રાહકો મોબાઈલમાં વ્યસ્ત રહેતા. પરંતુ આ દ્રશ્ય તેમને અશાંત કરતું. તેમણે વિચાર્યું: "આ રાહ જોવાનો સમય જો વાંચનમાં વપરાય, તો?" આ વિચાર સાથે તેમણે સલૂનમાં પુસ્તકો મૂકવાનું શરૂ કર્યું. શરૂઆતમાં પાંચ-છ પુસ્તકો. ધીમે ધીમે આ સંખ્યા વધતી ગઈ. આજે તેમનાં નાનાં ૧૦X૧૦ ફૂટના સલૂનમાં અનેક પ્રકારના પુસ્તકો છે - કથા, ઇતિહાસ, કાવ્ય, નિબંધ, આત્મકથા, નૈતિક વાર્તાઓ, બાળકોના પુસ્તકો. પોન મારિઅપ્પનની પહેલ માત્ર પુસ્તકો મુકવા સુધી સીમિત રહી નહીં. તેમણે એક અનોખું પ્રોત્સાહન શરૂ કર્યું. જો ગ્રાહક ઓછામાં ઓછા ૧૦ પાનાં વાંચે અને તે વિશે થોડું લખે, તો વાળ કપાવવાના દરમાં 30% સુધીની છૂટ. આ વિચાર મનોચિકિત્સાત્મક રીતે અસરકારક રહ્યો. બાળકો વાંચવા લાગ્યા.યુવાઓ મોબાઇલ છોડીને પુસ્તક ઉપાડવા લાગ્યા.રાહ જોવાનો સમય શીખવાનો સમય બની ગયો. આ રીતે વેપાર અને શિક્ષણ એકબીજાના વિરોધી નહીં પરંતુ સહયોગી બન્યા. પોન મારિઅપ્પનનું સલૂન માત્ર પુસ્તકો સુધી સીમિત નથી. ત્યાં. પૂજાના દિવસોમાં રાષ્ટ્રધ્વજ અને મહાન વ્યક્તિઓની પ્રતિમાઓ સાથે પૂજન થાય છે જે રાષ્ટ્રભાવનાનું ઉત્તમ ઉદાહરણ છે.




પોન મારિઅપ્પન આપણને શિક્ષણની નવી વ્યાખ્યા આપે છે - શિક્ષણ ડિગ્રી નહીં, દ્રષ્ટિ છે. શાળા એક બિલ્ડિંગ નહીં, વિચાર છે. શિક્ષક માત્ર વર્ગખંડમાં નહીં, સલૂનમાં પણ હોઈ શકે. તેઓ કહે છે: "હું પ્રોફેસર નથી, પણ લોકોમાં વાંચનની ટેવ પાડી શકું એમાં મને આનંદ છે." પોન મારિઅપ્પનનું જીવન આપણને શીખવે છે કે બદલાવ માટે મોટા સાધનો નહીં, મોટા વિચારો જોઈએ.

મિલરપુરમ - થૂથુકુડીનું સામાન્ય વિસ્તાર. ન ખાસ નામ, ન ખાસ ઓળખ. અહીંની ગલીઓમાં સપનાઓ મોટા અવાજે બોલાતાં નથી; એ અહીં ધીમે ધીમે ઉગે છે જેમ દીવો અંધારામાં. એવી જ એક ગલીમાં 10X10 ફૂટનું સલૂન. બહારથી જુઓ તો સામાન્ય. એક અરીસો, બે ખુરશી, કાતર, કાંસકો. પણ અંદર પગ મૂકતા જ લાગે કે આ જગ્યા વાળ માટે નહીં, વિચાર માટે છે.




મારિઅપ્પન પોતે ભણ્યો નથી અથવા સાચું કહીએ તો, ભણવા દીધો નથી. ધોરણ ૮ પછી શાળા છૂટી. પસંદગી નહોતી—પરિસ્થિતિ હતી. પિતા માટે હાથ બટાવવો પડ્યો. પછી મજૂરી, પછી નોકરી, અને અંતે પિતાનો વ્યવસાય - વાળંદી. પણ એક સવાલ હંમેશા સાથે રહ્યોઃ “જો ભણ્યો હોત, તો હું શું હોત?” એ સવાલે ક્યારેય તેને કડવો બનાવ્યા નહીં, પરંતુ ઊંડો બનાવ્યો. જ્યારે સલૂન શરૂ કર્યું, ત્યારે ટીવી મૂક્યું. વિચાર હતો કે લોકોને રાહ જોવામાં મજા મળશે. પણ મજા સાથે વિચાર પણ ઉડી જતા હતા. લોકો રાહ જોતા જોતા ટીવી જોયા કરે, પછી મોબાઇલ આવ્યો અને પછી તો માણસ હાજર, પણ મન ગાયબ. એ દિવસ હતો જ્યારે મારિઅપ્પને ટીવી બંધ કર્યો. “મજા નહીં, અર્થ જોઈએ,” એમણે મનમાં નક્કી કર્યું. પાંચ પુસ્તકો લાવ્યા. શેલ્ફ પર મૂકી દીધા. કોઈ જાહેરાત નહીં, કોઈ બોર્ડ નહીં. માત્ર પુસ્તકો - શાંત. પ્રથમ દિવસે કોઈએ હાથ ન લગાવ્યો. બીજા દિવસે એક વૃદ્ધે પુસ્તક ઉઠાવ્યું, પાનાં ફેરવ્યાં અને બેસી ગયા. એ ક્ષણ મારિઅપ્પન માટે કાતર કરતાં વધુ તીખી હતી. “અહીં કંઈક શક્ય છે,” તેણે વિચાર્યું. પછી પુસ્તકો આવતાં ગયા. પુસ્તકો સાથે વિચારો પણ આવ્યા - ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, કવિતા, તિરુક્કુરળ. સલૂન હવે એક શાંત યુનિવર્સિટી બનવા લાગ્યું હતું. મારિઅપ્પને એક નિયમ ઘડ્યો— બળજબરી નહીં, પરંતુ વિનંતી. “રાહ જોતા મોબાઇલ નહીં. પુસ્તક ઉઠાવો.” વિદ્યાર્થીઓ માટે થોડું કડક, પણ પ્રેમથી. “વાંચો. અને બે લીટી લખો.” એ બે લીટીઓ ઘણા માટે જીવનની પહેલી સ્વતંત્ર વિચારણા હતી. કેટલાક નારાજ થયા. કેટલાક ગયા પણ. પણ જે રહ્યા એ બદલાયા. મોબાઈલની જગ્યાએ પુસ્તક પકડતા તેમની આંખોમાં અલગ તેજ દેખાતું. આજે પણ સલૂન નાનું છે. જગ્યા ઓછી છે. પણ ત્યાં જ્ઞાન માટે જગ્યા છે, વિચાર માટે જગ્યા છે, અને સૌથી મહત્વનું કે સમય માટે જગ્યા છે. પોન મારિઅપ્પન કહે છેઃ “હું પ્રોફેસર નથી. હું વિદ્વાન નથી. પણ જો કોઈ માણસ મોબાઇલ મૂકી પુસ્તક ઉઠાવે તો મને લાગે છે કે હું ભણ્યો છું.” આજે પણ મિલરપુરમની એ ગલી એ જ છે. સલૂન પણ એ જ છે. નાનું. પણ અંદર આવતા જ લાગે કે અહીં માત્ર વાળ નથી કપાતા, અહીં અજ્ઞાન થોડું ઓછું થાય છે, અહીં વિચાર વાવાય છે, અને સપનાં - શાંત રીતે ઉગે છે. પોન મારિઅપ્પન કાતર મૂકે છે, પુસ્તક ઉપાડે છે અને દુનિયાને કહી જાય છેઃ “હું શિક્ષક નથી, પણ જો કોઈને વાંચતો બનાવી શકું, તો એ જ મારી ડિગ્રી છે.”

સોશિયલ મીડિયામાં પોસ્ટ્સ આવ્યા બાદ ગયા મહિને મારિયાપ્પનની અનોખી સલૂન ચર્ચામાં આવી. ત્યારથી ઇન્ટરવ્યૂની વિનંતીઓ અને પુસ્તકોના દાનનો ધોધ વહી રહ્યો છે. “હવે તો ઝડપથી બીજી શેલ્ફ બનાવવી પડશે અને દુકાનમાં જગ્યા પણ કરવી પડશે,” તેઓ હસતાં કહે છે.





પુસ્તકોની સંખ્યા કરતાં પણ વાંચન પ્રોત્સાહિત કરવાની તેમની રીત લોકોને વધારે ગમી છે. તેમના મનપસંદ લેખક એસ. રામકૃષ્ણને પ્રશંસા કરી છે અને કાનીમોઝીએ લાઇબ્રેરી માટે ૫૦ પુસ્તકો આપ્યાં છે. ગયા અઠવાડિયે પ્રકાશન સંસ્થા હેચેટ ઈન્ડિયા તરફથી મળેલા અંગ્રેજી પુસ્તકોનો પહેલો જથ્થો તેમને ખાસ ઉત્સાહિત કરે છે. “હજુ સુધી મારી પાસે માત્ર તમિલ પુસ્તકો હતા,” તે કહે છે. તેના મનપસંદોમાં ભારતીય સ્વામી વિવેકાનંદ, તિરુવલ્લુવર, શ્રી અરવિંદ, મહાત્મા ગાંધી સહિત અનેક સ્વાતંર્ત્યસેનાની, રાષ્ટ્રીય નેતાઓ, વિચારકો, વૈજ્ઞાનિકો અને દાર્શનિકોના જીવન અને વિચારો શામેલ છે.

આગામી મહિનાથી કોલેજ વિદ્યાર્થીઓને પુસ્તકો ઉધાર આપવાની તેની પાયલોટ યોજના પણ છે. “મારી લાગણીને મારા કામ સાથે જોડીને લોકોને વાંચનમાં સમય ફાળવતા જોઈને મને આનંદ મળે છે,” તે કહે છે અને અંતમાં ઉમેરે છે, “વાંચનની અનુભૂતિ જેટલું બળવાન આકર્ષણ બીજી કોઈ વસ્તુમાં નથી. પુસ્તકોની દુનિયામાં ખોવાઈ જવાની મજા તો અદભૂત છે.” ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એ. પી. જે. અબ્દુલ કલામનો તે મોટા ચાહક  છે અને તેમના બધા જ પુસ્તકો સલૂનમાં ઉપલબ્ધ છે. યુવાનોને પ્રોત્સાહન આપવા માટે તે નિયમિત વાંચન-લેખન સ્પર્ધાઓ યોજે છે, જેમાં ઈનામ તરીકે સલૂનની સેવાઓમાં છૂટ આપવામાં આવે છે.

“વાંચન જેટલો આનંદ દુનિયામાં બીજી કોઈ વસ્તુ આપી શકે નહીં. વધુને વધુ યુવાનો વાંચન સાથે પ્રેમમાં પડે એ જ મારી ઈચ્છા છે,” તે કહે છે. વિદ્યાર્થીઓમાં તેમની સલૂનની લોકપ્રિયતા જોઈને એવું લાગે છે કે તેઓ પોતાના ઉદ્દેશમાં સફળ થઈ રહ્યા છે. ૩૯ વર્ષની ઉંમરે પોતાનું શાળાકીય શિક્ષણ પૂરું ન કરી શક્યા હોવા છતાં પોન મારિયાપ્પન પોતાના ત્રણેય બાળકો માટે એક વાતમાં સ્પષ્ટ છે કે તેમને જરૂર શાળામાં ભણાવશે. તેમની મોટી દીકરી ધોરણ ૧૦માં, નાની દીકરી ધોરણ ૮માં અને જે પુત્રના નામ પરથી સલૂનનું નામ રાખ્યું છે તે સુશીલ ધોરણ ૨માં અભ્યાસ કરે છે. ત્રણેય બાળકો અંગ્રેજી માધ્યમની શાળામાં ભણે છે.

તેની લાઇબ્રેરીના પુસ્તકો મુખ્યત્વે સલૂનમાં રાહ જોતા વિદ્યાર્થીઓ માટે છે. તેમણે એક રજીસ્ટર રાખ્યું છે, જેમાં લોકો કયું પુસ્તક વાંચે છે તે લખે છે અને સાથે સાથે પુસ્તકમાંથી ગમતી પંક્તિઓ પણ નોંધે છે. નિયમિત અંતરે પોન મારિયાપ્પન આવા રજીસ્ટરમાં લખનાર ગ્રાહકો માટે લકી ડ્રો રાખે છે અને વિજેતાને, આશ્ચર્ય નહીં, એક પુસ્તક મળે છે.


જે લોકો વાંચતા ન હોય તેમના માટે તેમણે MP3 પ્લેયર પણ રાખ્યો છે, જેમાં પ્રેરણાદાયક ભાષણો વગાડે છે. ચેન્નઈની એક લાઇબ્રેરીના ડિરેક્ટરે તેમની વાત સાંભળીને ૫૦ પુસ્તકો દાનમાં આપ્યાં. આજે તેમની લાઇબ્રેરીમાં લગભગ ૩,૦૦૦ પુસ્તકો છે. બધાં તમિલ અને અંગ્રેજી ભાષામાં જેમાં ઇતિહાસ, સાહિત્ય, કાવ્ય, નિબંધો અને સામાન્ય જ્ઞાન જેવા વિષયો આવરી લેવાયા છે. 10X10 ફૂટની દુકાનમાં પુસ્તકો રાખેલા છે એ કલ્પવું મુશ્કેલ છે. પોન મારિઅપ્પન કહે છે કે વાળ કપાવા માટે માત્ર બે ખુરશીઓ છે અને નાઈ તરીકે તેઓ એકલા જ કામ કરે છે. બાકી આખી જગ્યા પુસ્તકો માટે વપરાય છે. “દુકાનમાં તમે જ્યાં જુઓ ત્યાં પુસ્તકો જ પુસ્તકો દેખાશે,” તેઓ ગર્વથી કહે છે.“સામાન્ય દિવસમાં

૨૫થી ૫૦ ગ્રાહકો આવે છે. મહામારીના સમયમાં સંખ્યા ઓછી છે, છતાં લોકો આવે છે. ઘણા યુવાનો ઘરે ટ્રિમર વાપરે છે," તેઓ હસતાં કહે છે.

ગ્રાહકોને પુસ્તકો માત્ર સલૂનમાં જ વાંચવાની મંજૂરી છે. "ઘરે લઈ જવાની પરવાનગી આપતો નથી, કારણ કે પછી તેની નોંધ રાખવમાં મુશ્કેલી પડે," તેઓ કહે છે. જ્યારે પણ તેઓ યુવાનોને મોબાઈલમાં વ્યસ્ત જુએ છે, ત્યારે પ્રેમપૂર્વક તેમને પુસ્તક વાંચવાની સલાહ આપે છે. "પ્યારથી કહો તો તેઓ સાંભળે છે," તેઓ ઉમેરે છે. તેમણે એક માઈક્રોફોન પણ રાખ્યું છે, જેને તેઓ ધીમા અવાજે વાપરે છે જેથી બહાર કોઈને તકલીફ ન પડે. "વિદ્યાર્થીઓને માઈક પર પુસ્તકોમાંથી વાંચવા દઉં છું, જેથી તેમનો મંચનો ડર દૂર થાય," તેઓ કહે છે.

"હું ચાર વર્ષથી અહીં આવું છું," ૨૭ વર્ષીય ગ્રાહક સી. ધનાબાલ કહે છે. "આ સલૂનમાં મેં ખેતી વિષયક પુસ્તકો અને કલાકીની (Kalki Krishnamurthy) પોનીયિન સેલ્વન (Ponniyin Selvan) વાંચી છે. હું પોન મારિઅપ્પન સાથે પુસ્તકો અંગે ચર્ચા પણ કરું છું અને પૂછું ત્યારે તેઓ પુસ્તકોની ભલામણ કરે છે."






પોન મારિઅપ્પન કહે છે કે નરેન્દ્ર મોદી વિશે તેમણે ક્યારેય વિચાર્યું નહોતું, ત્યાં સુધી કે વડાપ્રધાને તેમને ફોન કર્યો. "મને ખૂબ આનંદ થયો કે તેમણે મને ફોન કર્યો. વિવિધ ક્ષેત્રોમાં સારા કામ કરતા અનેક સારા લોકો છે, આશા છે કે તેઓને પણ આમ જ બોલાવીને પ્રશંસા કરશે." આ પહેલને વિશેષ ઓળખ ત્યારે મળી જ્યારે શ્રી નરેન્દ્ર મોદીએ પોતાના ૭૦મા રેડિયો કાર્યક્રમ "મન કી બાત"માં પોન મારિઅપ્પનની ખાસ નોંધ લીધી. વડાપ્રધાને જણાવ્યું કે એક નાનકડા હેરકટિંગ સલૂનમાં લાઈબ્રેરી શરૂ કરવી એ માત્ર વ્યવસાયિક વિચાર નથી, પરંતુ સમાજમાં વાંચનની સંસ્કૃતિ વિકસાવવાની એક મહત્વપૂર્ણ પહેલ છે. થૂથુકુડીમાંથી શરૂ થયેલી આ વિચારયાત્રા આજે સમગ્ર દેશ માટે પ્રેરણાનું પ્રતિક બની છે જ્યાં કાતર અને કાંસકાની વચ્ચે પુસ્તકો માનસ ઘડતરની ભૂમિકા ભજવી રહ્યા છે.

રાજેશ મિસ્કિન સાહેબની એક રચના છેઃ પુસ્તક મિત્ર છે, આપણા એકાંતનું, તે વડીલ છે, સંસ્કારનું. તે ભવિષ્ય છે આપણાં બાળકનું. પુસ્તક અંધકારમાં દીવો લઈને ઊભું હોય છે અજવાળું પાથરવા. અંધકારમાં ઉજાસની દીવાદાંડી છે પુસ્તક.

હમાણાં જ ૨૩ એપ્રિલે પુસ્તક દિન ગયો. ચિંતન બૂચે બહુ સરસ વાત કરી કે "આજે અનેક લોકોના દિવસની શરૂઆત અને અંત ફેસબૂકના દર્શન સાથે થતા હોય છે. પરંતુ ફેસબૂકના માર્ક ઝકરબર્ગ ખૂદ સમય મળે ત્યારે ફેસબૂક કરતાં બૂક વાંચવાનું વધારે પસંદ કરે છે. માર્ક ઝકરબર્ગના મનગમતા પુસ્તકોમાં મિચેલ એલેક્ઝાન્ડરના 'ધ ન્યુ જીમ ક્રો', ડેરોન એકેમોગ્લુ-જેમ્સ રોબિન્સનના 'વ્હાય નેશન્સ ફેઇલ', મેટ્ટ રિડલેના 'ધ રેશનલ ઓપ્ટિમિસ્ટ' મુખ્યત્વે સામેલ છે. ટૂંકમાં કહીએ તો, 'મને પુસ્તકો વાંચવાનો ખૂબ જ શોખ પણ હવે સમય ફાળવી શકતો નથી...' તેવું બહાનું કાઢી પોતાને જ છેતરવાનો પ્રયાસ કરી રહ્યા હોવ ત્યારે એક ક્ષણ માટે આ માંધાતાનો પણ વિચાર કરી લેજો. જેઓ વ્યસ્ત સમય વચ્ચે પણ પુસ્તક વાંચન ભૂલ્યા નથી.

**પુસ્તકો સપનામાં આવે અને પૂછે, 'તેં અમને ઓળખ્યાં કે?' વાત કરતાં કરતાં પુસ્તકો ઓગળે અને અથાગ પાણી થઈને છલકાતાં પૂછે, 'તું ક્યારેય અમારામાં નાહ્યો છે કે ? તર્યો છે કે ?' પુસ્તકો પછી ઘેઘૂર વૃક્ષ થઈ જાય અને પૂછે, અમારાં ફળો ક્યારેય ખાધાં છે કે ? છાયામાં ક્યારેય પોરો ખાધો છે કે ?' પુસ્તકો ફરફરતો પવન થઈ જાય અને પૂછે, 'શ્વાસ સાથે ક્યારેય અમને હૈયામાં ભર્યાં છે કે ?' પુસ્તકો આવું કશુંક પૂછતાં રહે એક પછી એક દરેક પ્રશ્નનો મારી પાસે જવાબ નથી હોતો બેસી રહું ચૂપચાપ બસ એમની સામે જોતો. ક્યારેક પુસ્તકો કાચના કબાટમાં જઈને બેસે અને કહે, એટલે સરવાળે તો અમારી જિંદગી ફોગટ જ ને પુસ્તકો મૂંગાંમંતર થઈ જાય ઝૂર્યે જાય જાતને ઊધઈને હવાલે કરે એ - આખરે આત્મહત્યા કરે ઘરમાં ને ઘરમાં જ બંધ કબાટના કારાગૃહમાં !**

**- શંકર વૈદ્ય (મરાઠી) અનુ. અરુણા જાડેજા**

## પુસ્તક

**જ્ઞાનનો એ સંગમ છે, વિચારોનું પૂર છે,**
**પુસ્તક અમારો સાચો મિત્ર, ને જ્ઞાનનો સુર છે.**
**શાંત ખૂણે બેસીને, જ્યારે પાનાં હું ફેરવું,**
**નવી દુનિયાના દ્વાર, એનામાં હું નીરખું.**
**મુશ્કેલીમાં માર્ગદર્શન, એકલતામાં સાથ,**
**જીવનના અંધકારમાં, લાવે પ્રકાશી હાથ.**
**અક્ષર-અક્ષર સંજીવની, વાક્ય-વાક્ય જ્ઞાન,**
**પુસ્તક વાંચીને પામું, જીવનનું અભિમાન.**

**-/ અજ્ઞાત**

https://www.facebook.com/watch/?v=782691628961058
**https://www.youtube.com/watch?v=dAXKn0nj13o**
**https://www.facebook.com/watch/?v=169120771034420**
**https://www.dailymotion.com/video/x7py4tt**

